GJVD020291932018

**<u>વડોદરાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ચોથી કોર્ટ (એફ.એન.સોલંકી.)</u>**
**<u>સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ:–વડોદરા.</u>**

**<u>ક્રિમી.કેસ નંબર :– ૨૩૨૧૦/૨૦૧૮.</u>**

**<u>આંક :–</u>**

**<u>ફરિયાદી</u> :–**
**શ્રી સરકાર**

**<u>વિ રૂ ધ્ધ</u>**

**<u>આરોપીઓ</u> :–**
**૧ : સુરેન્દ્રસિંહ કાળુસિંહ રાજપુત.**
**૨ : સદ્દામ મહંમદ ઈકબાલ પઠાણ.**
**૩ : રાહુલ વિશ્રામભાઈ વાઘરી.**
**૫ : કલસીંગ મનુભાઈ નિનામા.**
**૬ : યોગેશ ઉર્ફે પીન્ટુ ચંદુભાઈ રાજપુત.**
**૭ : જીગ્નેશ રાજુભાઈ ઠકકર.**
**૯ : મુકેશ સુખદેવરાવ પવાર. વિગેરે.**

**<u>ગુન્હો : જુગાર ધારાની કલમ–૧૨ મુજબ.</u>**

**<u>–: ચુ કા દો :–</u>**

(૧) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ **<u>જુગાર ધારાની કલમ–૧૨</u>** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામના આરોપી નં.૪, ૮ તથા આરોપી નં.૧૦ નાઓ વિરુધ્ધ કાઢવામાં આવેલ વોરંટ આરોપીઓ મરણ ગયેલાના શેરા તથા મરણના દાખલા સાથે પરત આવેલ છે. હાલના કામે રજુ કરવામાં આવેલ આરોપીઓના વોરંટના શેરા તથા મરણના દાખલાઓ વંચાણે લેતાં આ કામના આરોપીઓ અવસાન પામેલ હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે. આથી હાલના કામે રજુ કરવામાં આવેલ વોરંટના શેરા તથા મરણના દાખલાઓ ધ્યાને લેતાં ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાતને ધ્યાને રાખી જયારે આરોપી મરણ ગયેલ હોવા તેવા સંજોગોમાં આરોપીની વિરુધ્ધના કેસનું તહોમત પણ વજુદ વગરનું બની જતી હોય છે. જેથી તેવા સંજોગોમાં આરોપીઓની વિરુધ્ધના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી. તેથી ઉપરોકત મરણ ગયેલ આરોપીઓની સામેનો હાલનો કેસ મરણ ગયેલ હોવાના કારણે એબટ કરવાનો હુકમ કરવાનું યોગ્ય, વ્યાજબી જણાય છે.

(૨) આરોપીઓ નં.૧, ૨, ૩, ૫, ૬, ૭ તથા નં.૯ નાઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરીયાદ અને દસ્તાવેજની નકલ આપી, હાલના આરોપીઓ આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી,કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનું જણાવે છે, ફરીયાદપક્ષે રજુ ફરીયાદ, આરોપીઓની

કબુલાત, આરોપીઓની આર્થિક–સામાજીક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતાં, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

આ કામના આરોપીઓ નં. **૧ : સુરેન્દ્રસિંહ કાળુસિંહ રાજપુત. ૨ : સદ્દામ મહંમદ ઈકબાલ પઠાણ. ૩ : રાહુલ વિશ્રામભાઈ વાઘરી. ૫ : કલસીંગ મનુભાઈ નિનામા. ૬ : યોગેશ ઉર્ફે પીન્ટુ ચંદુભાઈ રાજપુત. ૭ : જીગ્નેશ રાજુભાઈ ઠક્કર. તથા ૯ : મુકેશ સુખદેવરાવ પવારનાઓને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે જુગારધારાની કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી દરેક આરોપીને **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા)** કુલ **રૂા.૧૪૦૦/– (અંકે રૂપિયા એક હજાર ચારસો પુરા)** ના દંડની સજા ફરમાવવામાં આવે છે, અને જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીએ દિન–૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.૪, ૮ તથા નં.૧૦ નાઓ મરણ ગયેલાનું વોરંટના શેરા તથા મરણના દાખલાથી જાહેર થયેલ હોઈ સદરહુ આરોપીઓની સામેનો હાલનો કેસ આરોપીઓ મરણ ગયેલ હોવાના કારણે એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો મુદ્દામાલનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ થયેલ ન હોય તો રોકડ રકમ સીવાયનો કીમતી મુદ્દામાલ અપીલ સમય બાદ ખરાઈ કરીને જે તે માલીકને સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો અને બાકીના બીનકીમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :–૦૯–૦૯–૨૦૨૩.

સ્થળ : વડોદરા.

**(એફ. એન. સોલંકી.)**
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
ચોથી કોર્ટ, વડોદરા.
જજ કોડ નં.જી.જે.–૦૧૫૫૨.

એમ.એમ.મલેક.
ગુ.સ્ટેનો.